ખાનગી પ્રાથમિક શાળાઓમાં બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ ૨૦૦૯ અને બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર નિયમ ૨૦૧૨ માં નબળા અને વંચિત જૂથના ૨૫% બાળકોને પ્રાથમિક શિક્ષણ પૂરૂ પાડવા સંદર્ભે ચુકવવાની થતી ફી રીએમ્બર્સમેન્ટ(ફી પરત ચૂકવણી)ની મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક : પરચ ૧૦૧૫/૧૪/ચ
સચિવાલય,ગાંધીનગર.
તારીખ : ૩૦/ ૦૭/ ૨૦૧૫.

વંચાણમાં લીધા :- (૧) તા.૨૩/૦૫/૨૦૧૩ નો ઠરાવ ક્રમાંક :-ખપશ- ૧૦૨૦૧૨/૭૨૭૬૪૬/ચ.
(૨) તા.૦૭/૦૪/૨૦૧૫ નો ઠરાવ ક્રમાંક:- ખપશ- ૧૦૨૦૧૨/૭૨૭૬૪૬/ચ.
(૩) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીની તા.૨૬/૦૨/૨૦૧૫ ની સીંગલ ફાઇલ ક્રમાંક : ૧૨ /પ્રા.શિ.નિ./ખ-૨/૨૫% પ્રવેશ/૨૦૧૫.

**પ્રસ્તાવના :-**

બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ અધિનિયમ -૨૦૦૯ અને બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર નિયમો ૨૦૧૨, અંતર્ગત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ૨૫% બાળકોને મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ પૂરૂં પાડવા સંદર્ભે ચૂકવેલ/ચૂકવવાની થતી ફી રીએમ્બર્સમેન્ટ(ફી પરત ચૂકવણી) અંગેની રકમ નક્કી કરવા માટે સંદર્ભ (૧)માં દર્શાવેલ ઠરાવના ફકરા-૮ માં બિન અનુદાનિત પ્રાથમિક શાળાઓના ૨૫% બાળકોને આપેલ પ્રવેશ પર ફી રીએમ્બર્સમેન્ટ(ફી પરત ચૂકવણી) નક્કી કરવા માટે એક કમિટીની રચના કરવામાં આવેલ છે આ કમિટી દ્વારા વર્ષ ૨૦૧૧-૧૨, ૨૦૧૨-૧૩ ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫ માટે ફી રીએમ્બર્સમેન્ટ(ફી પરત ચૂકવણી) મહત્તમ મર્યાદા રૂ.૧૦,૦૦૦/- (રૂપિયા દસ હજાર પુરા) વાર્ષિક નિયત કરેલ છે જેને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. કાળજીપૂર્વકની વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવ :-**

પુખ્ત વિચારણાને અંતે બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ અધિનિયમ -૨૦૦૯ અને બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર નિયમો ૨૦૧૨ અંતર્ગત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ઉપરના ક્રમાંક(૧)ના ઠરાવની જોગવાઓ અનુસાર ૨૫% બાળકોને પ્રવેશ આપેલ હોય તેવી શાળાઓને વિદ્યાર્થી દીઠ

(પા છળ)

મહત્તમ મર્યાદા રૂ. ૧૦,૦૦૦/- (રૂપિયા દસ હજાર પુરા) લેખે વાર્ષિક ફી રીએમ્બર્સમેન્ટ(ફી પરત ચૂકવણી) કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

૨. પ્રસ્તુત યોજના અંતર્ગત ભવિષ્યમાં જે કોઇ સૂચનાઓ/ જોગવાઇઓ સરકાર દ્વારા બહાર પાડવામાં આવે તે લાગુ પાડવાની રહેશે.

૩. આ યોજના અંગેની બજેટ જોગવાઇ જે તે વર્ષના અંદાજપત્રમાં જરૂરિયાત મુજબ વિભાગના બજેટમાં કરાવવાની રહેશે.

આ હૂકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા. ૧૧/૦૭/૨૦૧૫ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે,

(પી.એન.બ્રહ્મભટ્ટ)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ

માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.

માન.શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.

માન.રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.

અધિક મુખ્ય સચિવશ્રી,નાણા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.

અધિક મુખ્ય સચિવશ્રી,શિક્ષણ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.

અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.

અગ્ર સચિવશ્રી,શ્રમ અને રોજગાર વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.

અગ્ર સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.

સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન, સેકટર – ૧૭, ગાંધીનગર.

કમિશ્નરશ્રી, મધ્યાન ભોજન યોજના અને શાળાઓ, ગાંધીનગર.

નિયામકશ્રી , પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

નિયામકશ્રી , સાક્ષરતા અને નિરંતર શિક્ષણ, ગાંધીનગર.

નિયામકશ્રી , શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરીષદ, ગાંધીનગર.

નિયામકશ્રી , ગુજરાત રાજ્ય શાળા પાઠ્ય પુસ્તક મંડળ, ગાંધીનગર.

સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ
તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ
તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ
તમામ શાસનાધિકારીશ્રીઓ
સર્વે તિજોરી અધિકારીશ્રીઓ
નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ, હિસાબ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
સર્વે સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ, હિસાબ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
શિક્ષણ વિભાગના સર્વે અધિકારીશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ, સચિવાલય, ગાંધીનગર.
કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સીલેક્ટ ફાઇલ.